વલસાડના જલારામ ખમણમાં કાળું તેલ

વલસાડ જિલ્લામાં ગંદકી પીરસતી ૪ હોટેલ-રેસ્ટોરન્ટના લાયસન્સ સસ્પેન્ડ

વલસાડઃ જિલ્લાના નાગરિકોને શુદ્ધ, ગુણવત્તાયુક્ત અને આરોગ્યપ્રદ ખાદ્યસામગ્રી મળી રહે તેમજ લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં ન થાય તે હેતુથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (FDCA) દ્વારા વલસાડ સર્કલ હેઠળના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં હોટેલ, રેસ્ટોરન્ટ તથા ખાણીપીણીના એકમો પર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન તિથલ રોડ સ્થિત જલારામ ખમણ જેવી કેટલીક દુકાનો અને હોટેલોમાં ભારે ગંદકી, વાસી ખોરાક અને નિયમોના ઉલ્લંઘન બદલ વિભાગે લાલ આંખ કરીને કડક દંડાત્મક કાર્યવાહી હાથ ધરી છે. જલારામ ખમણ હાઉસ (તિથલ રોડ, વલસાડ)ની તપાસ દરમિયાન રસોડામાં ભારે ગંદકી જોવા મળી હતી. આ ઉપરાંત તળવા માટે વારંવાર ઉપયોગમાં લેવાયેલું કાળું પડી ગયેલું તેલ વાપરવામાં આવતું હતું.

આ હોટલોને નોટિસ અપાઇ

અરોડિયા હોટેલ્સ પ્રા. લિ. (હોટેલ ફાઉન્ટેન, પારડી)
પેપિલોન એલએલપી (વાપી)
લક્ષ્મી રેસ્ટોરન્ટ (સિલવાસા રોડ, વાપી)

કેટલીક હોટલમાં પાણીનો રિપોર્ટ પણ ન હતો

નેશનલ હાઈવે સ્થિત અરોડિયા હોટેલ્સ પ્રા. લિ. (હોટેલ ફાઉન્ટેન, પારડી)માં સ્ટોરેજમાં લેબલિંગનો અભાવ, પેસ્ટ કંટ્રોલ, પાણી રિપોર્ટ અને મેડિકલ સર્ટિફિકેટ રજૂ કરી શકી ન હતી. પેપિલોન એલએલપી (વાપી): સ્ટોરેજ ક્ષતિઓ, પાણી રિપોર્ટ અને મેડિકલ સર્ટિફિકેટના અભાવે નોટિસ અપાઈ, લક્ષ્મી રેસ્ટોરન્ટ (સિલવાસા રોડ, વાપી): પાણી રિપોર્ટ અને મેડિકલ સર્ટિફિકેટ રજૂ ન થતા ઇમ્પ્રૂવમેન્ટ નોટિસ ફટકારવામાં આવી હતી.



આ હોટેલને સીલ મારી દેવાયા



(1) અનિતા ફાસ્ટ ફૂડ એન્ડ ચાઇનીઝ કોર્નર (ઉમરગામ)
(2) અરિહંત ગૃહ ઉદ્યોગ (ઉમરગામ)
(3) રામદેવ રેસ્ટોરન્ટ (કિલ્લા પારડી)
(4) આ સાથે તેમણે ખમણ હાઉસ (તિથલ રોડ, વલસાડ)

બલીઠામાં ૧૪૪ આવાસોના ડીપીઆરને મંજૂરી મળી ગઇ

વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં લેવાયેલો નિર્ણય

મનપા દ્વારા 1 BHKનું નિર્માણ કરવામાં આવશે જેની મહત્તમ કિંમત રૂપિયા ૭ લાખ રાખવામાં આવશે

વાપી : વાપી મહાનગરપાલિકાની શુક્રવારે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં બલીઠામાં તૈયાર થનારા ૧૪૪ જેટલા આવાસોની પ્રધાનમંત્રી આવાસ યોજનાના ડીપીઆરને સ્થાયી સમિતિએ વિસ્તૃત ચર્ચા બાદ રજૂ કરાયેલા ડીપીઆરને મંજૂરી આપી આગામી સામાન્ય સભાને બહાલી અર્થે મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ અંગે સ્થાયી સમિતિના અધ્યક્ષ સતીશ પટેલે જણાવ્યું હતું કે, વાપી મહાનગરપાલિકા દ્વારા બલીઠા ખાતે કુલ રૂપિયા ૧૮૯૯.૫૭ લાખના ખર્ચે ૧૪૪ આવાસોનું નિર્માણ કરવામાં આવનાર છે. દેશના દરેક જરૂરિયાતમંદ નાગરિકને પોતાના સપનાનું ઘર મળી રહે તેવા ઉમદા હેતુથી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ લોન્ચ કરવામાં આવી હતી. વાપી મહાનગરપાલિકાના એફોર્ડેબલ હાઉસિંગ વિભાગ દ્વારા AHP - Green Field ઘટક હેઠળ વાપીના નગરજનોને આર્થિક રીતે પરવડે તેવા આવાસો ઉપલબ્ધ કરાવવા આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ યોજનાનો લાભ લેવા માટે લાભાર્થી પાસે ભારતના કોઈપણ સ્થળે પોતાનું પાકું મકાન ન હોવું જોઈએ, વાર્ષિક આવક રૂપિયા 3 લાખથી ઓછી હોવી જોઈએ તેમજ લાભાર્થી પરિણીત હોવો જરૂરી છે. બલીઠા ખાતે EWS-1 પ્રકારના 35 ચો.મી. કાર્પેટ એરિયા ધરાવતા 1 BHK આવાસોનું નિર્માણ કરવામાં આવશે. એક આવાસની મહત્તમ કિંમત રૂપિયા ૭ લાખ રાખવામાં આવનાર છે. આ પ્રોજેક્ટથી શહેરના આર્થિક રીતે નબળા અને મધ્યમ વર્ગના જરૂરિયાતમંદ લોકોને સીધો લાભ મળશે. સેનેટેશન વિભાગમાં પડેલા જૂના તથા વણવપરાશી સાધનોની હરાજી માટે મંગાવવામાં આવેલા ટેન્ડર અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. પ્રાપ્ત થયેલા ભાવો ગ્રાહ્ય રાખી નિયમોનુસાર હરાજી કરવાની મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી, વિવિધ શાખાના વિભાગીય અધિકારીઓ તથા સંબંધિત અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મનપામાં ભળેલા ૧૧ ગામોમાં નિયમિત પાણી પુરવઠા માટે આગોતરું આયોજન

વાપી મહાનગરપાલિકામાં ભળેલા ૧૧ ગામોમાં હાલ પાણી પુરવઠા બોર્ડ દ્વારા પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. આગામી સમયમાં આ વિસ્તારોમાં પાણી પુરવઠો નિયમિત અને પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે જરૂરી આગોતરું આયોજન કરવા અધ્યક્ષે સૂચના આપી હતી. પાણી પુરવઠા સમિતિના ચેરમેનને પાણી પુરવઠા બોર્ડના અધિકારીઓ સાથે જરૂરી ચર્ચા-વિચારણા કરી ૧૧ ગામોમાં નિયમિત પાણી પુરવઠો જળવાઈ રહે તે માટે આયોજન કરવા જણાવાયું હતું. જ્યાં જરૂરિયાત જણાય ત્યાં નવી પાણી વિતરણ લાઇન નાખવા સહિતની જરૂરી કામગીરી હાથ ધરવા પણ સૂચના આપવામાં આવી હતી. આગામી ઉનાળાની ઋતુને ધ્યાનમાં રાખીને અત્યારથી જ પાણીના પૂરતા જથ્થા અને વિતરણ વ્યવસ્થા અંગે આગોતરું આયોજન કરવામાં આવે જેથી નગરજનોને પાણીની તકલીફ ન પડે તે અંગે ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

ચાર સબ-સેનેટરી ઇન્સ્પેક્ટર અને ચાર વાલ્વમેન લેવામાં આવશે

વાપી મહાનગરપાલિકાની અતિ મહત્વપૂર્ણ સફાઈ કામગીરીનું સતત અને અસરકારક મોનિટરીંગ થઈ શકે તથા વાપી શહેરને વધુ સ્વચ્છ અને સુંદર રાખી શકાય તે હેતુથી વધુ ચાર સબ-સેનેટરી ઇન્સ્પેક્ટરની નિમણૂંક કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ અંગેની જરૂરી કાર્યવાહી કરવાની સત્તા પણ નાયબ મ્યુનિસિપલ કમિશનરને આપવામાં આવી હતી. તેમજ પાણીના વાલ્વનું સુચારુ સંચાલન અને ઓપરેશન થઈ શકે તે માટે વધુ ચાર વાલ્વમેન તથા રોજ એક ઇલેક્ટ્રિશિયનને કરાર આધારિત ધોરણે હંગામી રીતે રાખવા અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. આ અંગે જરૂરી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની સત્તા નાયબ મ્યુનિસિપલ કમિશનરને સોંપવામાં આવી હતી.

સંક્ષિપ્ત સમાચાર

ઉમરગામમાં પ્રતિબંધિત ૨૦૦ કિલો પ્લાસ્ટિક જપ્ત

ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ નગરપાલિકા દ્વારા 120 માઇક્રોનથી ઓછી પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિક કેરી બેગના ઉપયોગ વેચાણ સંગ્રહ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પર્યાવરણને પ્લાસ્ટિક અને પ્રદૂષણથી બચાવવા સરકારી નિયમ મુજબ 120 માઇક્રોનથી પાતળા પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ છે. તેનો કડકપણે પાલન થાય તે માટે ઉમરગામ નગરપાલિકા દ્વારા દુકાનો સ્ટોલ ઉપર દરોડો પાડી મોટા પ્રમાણમાં અંદાજે 200 કિલો પ્લાસ્ટિક જપ્ત કરી દંડ વસુલવાની કાર્યવાહી કરવામાં આવી હતી. જેને લઈને ફફડાટ મચી ગયો હતો.

ઇન્ટર-કોલેજ મહિલા ચેસ ટુર્નામેન્ટમાં વાપી KBS કોલેજ રનર-અપ

વાપી : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અંતર્ગત વાપીની ROFEL આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ પર આયોજિત ઇન્ટર-કોલેજ મહિલા ચેસ ટુર્નામેન્ટમાં ભાગ લઇ ગર્વથી રનર-અપ સ્થાન મેળવ્યું છે. KBS કોલેજની મહિલા ચેસ ટીર ટુર્નામેન્ટ દરમિયાન ઉત્તમ કૌશલ્ય, એકાગ્રતા અને ટીમ ભાવના દર્શાવી અને સંસ્થાને ગૌરવ અપાવ્યું હતુ. રનર-અપ ટીમના સભ્યોમાં જ્યોતિ ગઢવી M.Com. પાર્ટ -II, દિવ્યા દાસ - F.Y.B.Com., મોનિકા સિંહ - M.Com. પાર્ટ -I, સોનલ ચૌધરી - S.Y.B.B.A., સ્વર્ણા ખારવાર - F.Y.B.Com., પલ્લવી સિંહ - S.Y.B.B.A. હતા. દરેક ખેલાડી મિત્રોને જરૂરી તાલીમ અને માર્ગદર્શન રમત-ગમતના મદદનીશ પ્રાધ્યાપક ડો. મયુર પટેલ તેમજ મદદનીસ રોહિતસિંહ દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું. કોલેજનું નામ રોશન કરવા બદલ કોલેજના આચાર્ય ડો.પૂનમ બી. ચૌહાણે ટીમને શુભેચ્છા પાઠવી હતી.

પારડીના કોલક ગામમાં 98મી ભજન સપ્તાહની ભવ્ય ઉજવણી

અમૃત પટેલ

પારડી : પારડી તાલુકાના કોલક ગામમાં ભજન સપ્તાહની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે દિવસ-રાત સતત મંદિરમાં ભજન-કીર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે ગામમાં ભગવાનની પાલખી યાત્રા કાઢવામાં આવી હતી. આ શોભા યાત્રામાં 55 મટકીઓ ફોડીને ભક્તિમય ઉત્સવ ઉજવાયો હતો. પ્રમુખ જીતેન્દ્ર ટંડેલે જણાવ્યું હતું કે, ગાદી લગભગ 550 વર્ષ જૂની છે એ પહેલેથી જ સપ્તાહ ચાલતી આવી છે. દરેક લોકો પૂજા અર્ચના કરે છે અને આશીર્વાદ મેળવે છે. આ ધાર્મિક મહોત્સવમાં ઉપપ્રમુખ અમરત ટંડેલ તેમજ યજમાન ફળિયાના પ્રમુખો રમેશ ટંડેલ અને બળવંત ટંડેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. ગામના સરપંચ ગ્રેવીન ટંડેલ, તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ હેમલતા ટંડેલ સહિતનાએ દર્શનનો લાભ લીધો હતો.

નોરગોલમાં શ્રી શિવ મહાપુરાણ કથાનો પ્રારંભ

ઉમરગામ : પવિત્ર શ્રાવણ માસમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી શેષવંશીય ક્ષેત્રિય દેવકર ભંડારી સમાજ દ્વારા નારગોલ ખાતે શ્રી શિવ મહાપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. સાંસ્કૃતિક ભવન નારગોલ ભંડારી સમાજ જગદંબાધામ ખાતે આયોજિત શ્રી શિવ મહાપુરાણ કથાના પ્રથમ દિવસે પોથીયાત્રા વાંચતે ગાજતે નારગોલ બજાર ધન તળાવથી ભંડારી સમાજ હોલ જગદંબાધામ કથા સ્થળે પહોંચી હતી. ભંડારી સમાજ નારગોલના પ્રમુખ યતીન ભંડારીએ શિવ ભક્તોનુ હૃદયથી સ્વાગત કર્યું હતું. બાર જ્યોતિર્લિંગની કથામાં પ્રથમ દિવસે સોમનાથ મહાદેવની કથાનું વર્ણન કરતા પ.પૂ કથાકાર પ્રફુલભાઇ શુક્લએ કહ્યું હતું કે ક્ષણમાં રિઝી જાય તે શિવ અને ક્ષણમાં નારાજ થઇ જાય તે જીવ છે. શ્રાવણમાં શિવ કથા સાંભળવાથી ભાગ્યનો ઉદય થાય છે. કથાનો સમય રોજ બપોરે 2 થી સાંજે 5:00 વાગ્યા સુધીનો છે. કથાનો પૂર્ણાહુતિ ઉત્સવ તારીખ 28 ઓગસ્ટ 2026 ના શુક્રવારના રોજ સવારે 10:00 થી 12:00 વાગ્યાનો રાખવામાં આવ્યો છે.

નવસારીના પાંજરાપોળની ખરાબ સ્થિતિનો વિડીયો વાયરલ

ગાયોની સારવાર-સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો

નવસારીઃ નવસારી મહાનગરપાલિકા સંચાલિત ખંભલાવ ગામ નજીકની પાંજરાપોળની વ્યવસ્થાને લઈને ગૌરક્ષકો દ્વારા ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. ગૌરક્ષકોના જણાવ્યા મુજબ, પાંજરાપોળમાં બીમાર પશુઓ માટે પૂરતી તબીબી સારવાર અને જરૂરી સ્ટાફની વ્યવસ્થા જોવા મળતી નથી. વાયરલ વીડિયોમાં પશુઓની કથિત દયનીય સ્થિતિ તથા મૃત પશુઓના મૃતદેહો જોવા મળતા હોવાના દાવાથી સમગ્ર મામલે ચકચાર મચી છે. પશુઓને સમયસર સારવાર ન મળતી હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે.

પાંજરાપોળમાં ગરમીથી રાહત માટે લગાવવામાં આવેલા પંખા તથા લાઇટની વ્યવસ્થા યોગ્ય રીતે કાર્યરત ન હોવાના પણ આક્ષેપો થયા છે.

સાથે જ કાયમી પશુચિકિત્સક, મેડિકલ સ્ટાફ અને સુરક્ષા વ્યવસ્થાના અભાવ અંગે ગૌરક્ષકોએ સવાલો ઉઠાવ્યા છે. પરિસરમાં પૂરતી સુરક્ષા ન હોવાને કારણે રખડતા શ્વાનો દ્વારા વાછરડાંને નુકસાન પહોંચાડવામાં આવતું હોવાના ગંભીર આક્ષેપો પણ કરવામાં આવ્યા છે.

સ્થાનિક સ્તરે મામલો દબાવવાને બદલે ઉચ્ચ અધિકારીઓ દ્વારા સ્થળ તપાસ કરાવી સમગ્ર વ્યવસ્થાની નિષ્પક્ષ તપાસ કરવાની માગ કરી છે. પશુઓની સારવાર, સ્ટાફની નિમણૂક, વીજળી-પંખાની વ્યવસ્થા અને સુરક્ષા સહિતની તમામ મૂળભૂત સુવિધાઓ તાત્કાલિક સુચારુ કરવાની માગ કરવામાં આવી છે.ગૌરક્ષકોએ તંત્રને ૨૪ કલાકની સમયમર્યાદા આપતાં ચીમકી ઉચ્ચારી છે.

લઠ્ઠાકાંડ વિરોધમાં વલસાડ જિલ્લા કોંગ્રેસનું દેખાવો સાથે પ્રદર્શન

દારૂબંધી માત્ર કાગળ પર હોવાનો આક્ષેપ કરી પોલીસ અને સરકારની નિષ્ક્રિયતા સામે નારેબાજી કરાઈ

વલસાડ : ભાવનગરમાં સર્જાયેલા દર્દનાક લઠ્ઠાકાંડના ઘેરા પ્રત્યાઘાતો સમગ્ર રાજ્યમાં પડી રહ્યા છે, ત્યારે વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પણ આ ઘટનાને લઈને ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વલસાડ સ્થિત કોંગ્રેસ કાર્યાલય ખાતે ભેગા થયેલા કાર્યકરોએ પ્લેકાર્ડ લઈને રાજ્ય સરકાર અને પોલીસ તંત્ર સામે ભારે નારેબાજી કરી હતી.

વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના આગેવાનોએ ભાવનગર લઠ્ઠાકાંડની નૈતિક જવાબદારી સ્વીકારીને રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવી તાત્કાલિક રાજીનામું આપે તેવી સ્પષ્ટ માંગ કરી હતી. વલસાડ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશન પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં કાગળ પર જ દારૂબંધી જોવા મળે છે, જ્યારે વાસ્તવિકતામાં મોટા પ્રમાણમાં ગેરકાયદે દારૂનો જથ્થો ઘૂસાડવામાં આવી રહ્યો છે. રાજ્યમાં દોડતી દરેક ટ્રેનમાં પણ દારૂ હેરાફેરી થઈ રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, સરકારી તંત્ર અને પોલીસની નિષ્ક્રિયતાના કારણે જ વારંવાર આવી લઠ્ઠાકાંડ જેવી હોનારતો સર્જાય છે અને નિર્દોષ લોકો પોતાના જીવ ગુમાવે છે.

આ વિરોધ પ્રદર્શનમાં દારૂના ગેરકાયદે વેપાર સામે કડકમાં કડક પગલાં લેવાની માંગ કરી હતી. ગુજરાતમાં દારૂબંધી માત્ર નામના ખાતરે જ છે. આ તમામ નિષ્ફળતાઓની નૈતિક જવાબદારી સ્વીકારીને રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ તાત્કાલિક પોતાના પદ પરથી રાજીનામું આપી દેવું જોઈએ.

ચીખલીના સેવાસદનમાં પાણીના રૂમમાં ગંદકીનો ખડકલો

ધર્મેશ પટેલ

ધોજ : ચીખલી તાલુકા સેવાસદનના ત્રીજા માળે પીવાના પાણી માટે ફાળવવામાં આવેલી ઓરડીમાં નકામી ખુરશીઓ અને ભંગાર ભરી દેવામાં આવ્યો છે. જેના કારણે જગ્યાના અભાવ સાથે ભારે ગંદકી ફેલાઈ છે, જેથી આ રૂમ પાણી માટે છે કે સ્ટોર રૂમ તે સમજવું મુશ્કેલ બન્યું છે. હાલમાં આ જ માળે તાલુકા જમીન દફતર નિરીક્ષક કચેરી શરૂ થતાં અરજદારોની અવરજવર પણ નોંધપાત્ર રીતે વધી ગઈ છે. આવા મહત્ત્વના સરકારી સ્થળે પીવાના પાણીની સુવિધા સાથે સ્વચ્છતા જળવાવી અત્યંત જરૂરી છે.

કલગામના દરિયા કિનારેથી અજાણ્યાની લાશ મળી

ઉમરગામ : કલગામ સોરઠવાડ દરિયા કિનારે પાણીમાંથી તણાઈને આવેલી એક અજાણ્યા પુરુષની લાશ મળી આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ, મૃતકનું નામ-સરનામું જાણી શકાયું નથી. મૃતકના શરીરે ગ્રીન કલરનું હાફ બાંયનું ટી-શર્ટ તથા કમરમાં કાળા કલરનો હાફ ચડ્ડો પહેરેલો હોવાનું જાણવા મળે છે. વાલી વારસોને ઉમરગામ નારગોલ મરીન પોલીસનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

'કોલેજે યુનિવર્સિટી અને યુનિવર્સિટીએ કોલેજમાં તપાસ કરો' નો જવાબ આપ્યો

વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ થતા વિવાદ

યુનિવર્સિટીના નિયમો અને હાજરી-માર્ક્સના કારણોસર એડમિશન કેન્સલ થતાં વલસાડના વિદ્યાર્થીઓની કોંગ્રેસ એસ.ટી. સેલ સમક્ષ રજૂઆત

વલસાડ : વલસાડની કોમર્સ કોલેજના 28 જેટલા વિદ્યાર્થીઓના એસ.વાય.બી.કોમ. સેમ.3માં પ્રવેશ રદ થતા વિવાદ ઉભો થયો છે. વિદ્યાર્થીઓએ આચાર્યને રજૂઆત બાદ નિરાકારણ ન આવતા કોંગ્રેસ એસ.ટી. સેલના જિલ્લા પ્રમુખને રજૂઆત કરી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, વલસાડની શાહ એન.એચ. કોમર્સ કોલેજ વલસાડમાં એસ.વાય.બી. કોમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી 28 વિદ્યાર્થીઓના એસ.વાય.બી.કોમ. સેમ.3માં એડમિશન કેન્સલ થયા હોવા અંગે કોલેજના નોટિસ બોર્ડ ઉપર નોટિસ મૂકી જાણ કરાઇ હતી. જે મુદ્દે વિદ્યાર્થીઓએ આચાર્યને રજૂઆત કરતા તેમણે એસાઇમેન્ટ બાકી, ઓછી હાજરી, મુખ્ય, ઇન્ટરનલમાં ઓછા માર્કસ સહિત યુનિ. સિટીના નિયમો જણાવી પ્રવેશ રદ યુનિ.સિટીએ કર્યો હોવાનું જણાવ્યું હતું. વિદ્યાર્થીઓએ આ મુદ્દે જિલ્લા કોંગ્રેસના એસ.ટી. સેલ પ્રમુખ રાહુલ પટેલને જાણ કરી હતી.

વિદ્યાર્થીઓના હિતમાં કાર્યવાહી થવી જરૂરી

જિલ્લા કોંગ્રેસના એસ.ટી. સેલ પ્રમુખ રાહુલ પટેલે જણાવ્યું કે, કોલેજના એસ.વાય.બી.કોમ. સેમ.3માં 28 વિદ્યાર્થીઓના એડમિશન કેન્સલ હોવા અંગે ધરમપૂર વિસ્તારના વિદ્યાર્થીઓએ જાણ કરતા કોલેજે યુનિ. સિટી અને યુનિ.સિટીએ કોલેજમાં તપાસ કરો તેવો જવાબ મળ્યો હતો. આમ 28 વિદ્યાર્થીઓના ભાવિનો પ્રશ્ન હોય વિદ્યાર્થીઓના હિતમાં ત્વરિત કાર્યવાહી થાય તે જરૂરી છે.

વિદ્યાર્થીઓએ કોઈ તકેદારી લીધી ન હતી

સમગ્ર મુદ્દે કોલેજના ઇન્ચાર્જ આચાર્ય વી.આર.ચાપાનેરીએ જણાવ્યું કે, કોલેજના 28 વિદ્યાર્થીઓના એસ.વાય. બી.કોમ.સેમ.3 માં પ્રવેશ રદ કોલેજે નહીં યુનિ.સિટીએ કર્યો છે. તેમણે ઉમેર્યું કે કુલ વિદ્યાર્થીઓ પૈકી 28 ના પ્રવેશ રદ કર્યા છે. કારણકે ઉપરોક્ત 28 વિદ્યાર્થીઓની સેમ.2 દરમિયાન એસાઇમેન્ટ બાકી, ઓછી હાજરી, મુખ્ય, ઇન્ટરનલમાં ઓછા માર્કસ સહીત યુનિ.સિટી.એ નિયમો જણાવી પ્રવેશ રદ યુનિ.સિટીએ કર્યો હોવાનું જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે જે વિદ્યાર્થીઓના શૈક્ષણિક ટર્મ દરમિયાન કોઇ વિસંગતતા હોય તે દરેક બાબતે કોલેજ દ્વારા નોટિસ પાઠવી, ગ્રુપ મેસેજ દ્વારા જાણ કરાઇ છે. છતાં આ 28 વિદ્યાર્થીઓએ કોઇ તકેદારી ન લીધી હતી.

મરઘમાળમાં પાણી ફરી વળતાં જમીનનું ધોવાણ

સરપંચ અને ખેડૂતો દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક તપાસની માંગ

ધરમપુર : ધરમપુર તાલુકાના મરઘમાળ અને ચીમનપાડા ગામને જોડતા પુલનું કામ ચાલી રહ્યું છે, ત્યારે ભારે વરસાદ બાદ આવેલા પૂરનું પાણી ખેતીની જમીન તરફ ફરી વળતાં પાંચ ખેડૂતોની જમીનનું ધોવાણ થયું છે. જમીનનો મોટો ભાગ ધોવાઈ જતાં ખેતી પર નિર્ભર પરિવારો સામે ગંભીર મુશ્કેલી ઊભી થઈ છે. આ મામલે મરઘમાળ ગામના સરપંચ રજની પટેલે અસરગ્રસ્ત ખેડૂતો સાથે ધરમપુરના પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી તાત્કાલિક તપાસ અને યોગ્ય કાર્યવાહી કરવાની રજૂઆત કરી છે. સરગ્રસ્ત ખેડૂતોમાં સુરેશ ડગળા, ભરત ગાર્યા, કચરુ ડગળા, સતીબેન ડગળા અને સીતા વાઘેરાનો સમાવેશ થાય છે. ખેડૂતોના જણાવ્યા મુજબ, તેઓ વર્ષોથી આ જમીનમાં ખેતી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. વર્ષ ૧૯૯૬-૯૭ દરમિયાન સરકાર તરફથી ભૂમિદાન હેઠળ આ જમીન મળી હોવાનું પણ તેમણે જણાવ્યું છે. હાલમાં મરઘમાળ અને ચીમનપાડા વચ્ચે પુલનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. ભારે વરસાદને કારણે પાણીનો પ્રવાહ વધ્યો હતો. પુલની દીવાલ પાસે પાણીનો પ્રવાહ બદલાઈને ખેતીની જમીન તરફ વળતાં જમીનનું ધોવાણ થયું હોવાનું ખેડૂતોનું કહેવું છે. કેટલાક સ્થળોએ આશરે ૧૦ ફૂટ સુધી જમીન ધોવાઈ ગઈ છે.